# ફલક કાર્ય કૌશલ્ય

## Board Work Skill

લેખન

ડો. જ્ઞાનેશ બકુલચંદ્ર ગોડબોલે

# ફલક કાર્ય કૌશલ્ય

## Board Work Skill

લેખન

ડૉ. જ્ઞાનેશ બકુલચંદ્ર ગોડબોલે

આસિસ્ટન્ટ પ્રોફેસર

શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન

ગોધરા

@સર્વ હક્ક પ્રકાશકને આધિન

પ્રકાશન : જુલાઈ-2019

પ્રકાશક:-

શ્રી સાર્વજનિક કૉલેજ ઑફ એજયુકેશન

બામરોલી રોડ, ગોધરા. જિ. પંચમહાલ.

**પ્રાપ્તિ સ્થાન:-**

https://educationcollegegodhra.com/our-publication/

# મનોગત

શિક્ષણનો ફલક સાથેનો નાતો એ સિક્કાની બે બાજુ જેવો છે. શિક્ષકના શિક્ષણકાર્યને ફલકકાર્ય વગર કલ્પી શકાય નહિ. આશરે છેલ્લી ત્રણેક સદીથી ફલક ઘણાં વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે. ફલકની શોધે શિક્ષણકાર્યને વેગવંતુ કરવામાં અગત્યની ભૂમિકા નિભાવી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી, કેટલાંયને સાક્ષરજ્ઞાન આપ્યું છે.

છેલ્લાં કેટલાક દશકાઓથી ઓવરહેડ પ્રોજેક્ટર અને ત્યારબાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનએ ફલકનું કાર્ય ઓછું કર્યું છે. વિષયવસ્તુની સ્પષ્ટતા; સમયનો બચાવ; શિક્ષણકાર્યમાં ઊંડાણ અને ઝડપ; રસિક અને રૂચિકર; દશ્ય, શ્રાવ્ય અને દશ્ય-શ્રાવ્ય વગેરે મુદ્દાને લક્ષમાં લેતાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ચડિયાતું ભલે હોય પણ આજેય વિદ્યાર્થી, શિક્ષક, વાલી અને સમાજ ફલકનું મહત્વ ઓછું આંકતા નથી.

આજેય શિક્ષણ જગતમાં સહજ અને સુલભ ફલકની લોકપ્રિયતા અકબંધ છે. બદલાતા યુગમાં સુવિધાની દષ્ટિ એ ફલકના સ્વરૂપમાં પરિવર્તન થયું છે પરંતુ ફલકનો દબદબો યથાયત છે. ફલક નોંધ એ કૌશલ્ય છે, કળા છે. પ્રશિક્ષણાર્થીઓને ફલક કાર્ય કરવાનું કૌશલ્ય કેળવવા આ પુસ્તક ઉપયોગી બનશે એવી શ્રદ્ધા છે. આ પુસ્તકને શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, ગોધરાની વેબસાઈટ પર અપલોડ કરવાની અનુમતિ આપવા માટે હું ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના પ્રમુખ આદરણીય શ્રી ગોપાલસિંહ જી. સોલંકી સાહેબ તથા કૉલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. વી. કે. ગેલાત સાહેબનો આભારી છું.

ડો. જ્ઞાનેશ બ. ગોડબોલે

પ્રાચીનકાળમાં માટી કે રેતી પર લખવાની સફર ઝાડની છાલ, પાટી, પાટિયા, કાગળ થકી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા પ્રગટ થતી રૂપેરી પડદા સુધી પહોંચી છે. આ સઘળાં માધ્યમોનો ભાષનાં પાયાનાં કૌશલ્યો-લેખન, વાંચન અને શ્રવણ થકી જ્ઞાન-માહિતીના પ્રસાર તથા પ્રચારમાં અગત્યનો ફાળો છે. વિદ્યાર્થી કે સામાન્યજનને સાક્ષર બનાવવામાં પાટી કે પાટિયાની ભૂમિકા ઉપકારક બની છે. શિક્ષણકાર્ય કરાવવા માટે શ્યામફલક/કૃષ્ણફલક, હરિતફલક, સફેદફલક વપરાય છે. બહુધા કૃષ્ણફલક કે હરિતફલકનો ઉપયોગ થાય છે.

જો કે ઈંટરેક્ટિવ બોર્ડના ઉપયોગની શરૂઆત થઈ છે ખરી પરંતુ તે હજી સુધી શાળાના તમામ વર્ગખંડ સુધી પહોંચી શક્યું નથી. આજેય શ્યામફલક/કૃષ્ણફલકની શાળામાં બહુમતી છે. સમાચાર, સુવિચાર, કાવ્યકંડિકા, શાળાવૃત્ત, સૂચના, પ્રાર્થના, ભજન અર્થાત્ શૈક્ષણિક અને સહાભ્યાસ પ્રવૃત્તિ માટે વર્ગખંડની અંદર અને બહાર રહેલું ફલક ઉપયોગી બને છે. પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ફલક નિર્ણાયક સાબિત થાય છે.

વિદ્યાર્થીઓ સુધી વિષયવસ્તુ પહોંચાડવા - સ્પષ્ટ કરવા ફલક ઉત્તમ માધ્યમ છે. શિક્ષકનો ફલક કાર્યનો પદ્ધતિસર અને વિવેકપૂર્વકનો ઉપયોગ વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રસ જગાવે છે, વિષયવસ્તુની સમજ આપે છે. ફલક કાર્ય કરવું એ કળા છે. આ પુસ્તકમાં ફલક કાર્ય સમજીશું.

વર્ગખંડમાં ફલક, ચોક અને ડસ્ટર સાંપડે જ. ફલક વગરનો વર્ગખંડ કલ્પી શકાય ખરો? ફલક વગર અધ્યાપન કાર્ય અશક્ય લાગે. ફલક અધ્યયનનું દ્રશ્ય માધ્યમ છે. આજેય ફલકના કોઈ પણ પ્રકારનો વર્ગખંડમાં ઉપયોગ થાય છે જ.

શિક્ષક વર્ગખંડમાં અનેક પ્રકારે વર્ગ વ્યવહાર કરે છે. આ તમામ પ્રકારના ફેરફાર પૂર્વ આયોજિત અને સુનિશ્ચિત હોય છે. જેમ કે, પાઠ વાંચન, કાવ્ય ગાન, કથન, પ્રશ્નોત્તરી કરવી, પ્રયોગ કરવો, વર્ગખંડમાં હલનચલન, ફલક પર નોધવું, ફલક પર આકૃતિ દોરવી-સમજાવવી, વિદ્યાર્થીને ફલક પર લખવા બોલાવવો વગેરે...

શિક્ષક અધ્યાપન કાર્ય પહેલાં, દરમિયાન અને પછી ફલક કાર્ય કરે છે. આ ફલક કાર્ય શું વિચાર્યા વગર કરે ખરું? વર્ગના તમામ વિદ્યાર્થીઓની સમજ ક્ષમતા અને કૌશલ્યની કેળવણીને લક્ષમાં રાખીને શિક્ષક ફલક કાર્ય કરે છે. આ કાર્ય વિશે અધ્યાપન કાર્ય કરતાં અગાઉ વિચારેલું હોય છે. જેમ કે, શિક્ષક ઉચ્ચારણમાં અઘરો શબ્દ નોંધવો; અઘરો શબ્દ સમજાવવો, જોડણીમાં ભૂલ થતી કે થવાની શક્યતા હોય તેવો શબ્દ લખવો; સમાનર્થી – વિરુદ્ધાર્થી શબ્દ; સમાસ; કહેવત; રૂઢિપ્રયોગનો અર્થ; વાક્યના પ્રકાર; અલંકાર; છંદ; સર્જક પરિચય, કૃતિ પરિચય; કૃતિ પ્રકાર પરિચય; વિષયવસ્તુના મુદ્દા; પ્રશ્નો; કસોટી; સ્વાધ્યાય વગેરે. અહીં સમાજ માટે ભાષા શિક્ષકનું ફલક કાર્ય દ્રષ્ટાંત તરીકે લીધું છે. પ્રત્યેક વિષયની વિશેષતા મુજબ ફલક કાર્ય થાય છે. આમ, પ્રત્યેક શિક્ષક માટે ફલક કાર્ય અગત્યનું અને આવશ્યક છે. સાર્થ ફલક કાર્ય કોને કહીશું? ફલક કાર્ય અન્ય કયા કયા નામે ઓળખાય છે તે જાણીશું.

## પાટિયા કાર્ય કૌશલ્યનો અર્થ

વર્ગખંડમાં અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષકના પાટિયા(BOARD) પરના હેતુલક્ષી અને અર્થપૂર્ણકાર્ય કરવાના કૌશલ્યને પાટિયા કાર્ય (કા.પા. કાર્ય કૌશલ્ય) કહે છે.

આ કૌશલ્યને કા.પા.કાર્ય કૌશલ્ય/ શ્યામફલક કૌશલ્ય/ કૃષ્ણફલક કૌશલ્ય કે ચોકબોર્ડ કૌશલ્ય તરીકે ઓળખવામાં આવે છે.

પ્રત્યેક શિક્ષક વિષયવસ્તુના સંદર્ભે પોતાના વર્ગખંડના વિદ્યાર્થીઓની સમજ-ક્ષમતા અને પોતાની સમજ કે આવડત મુજબ ફલક કાર્ય કરે છે.

**ફલકના પ્રકાર**

ફલકને તેના સ્વરૂપના આધારે આ મુજબ પ્રકાર પાડી શકાય.

1. સ્થિર ફલક(પાટિયું) Fix Board
2. ફરતું ફલક(પાટિયું) Movable Board

આ પ્રકારો વિગતે સમજવા પ્રયત્ન કરીશું.

1. સ્થિર ફલક(પાટિયું) Fix Board

કેટલાંક ફલક સ્થિર હોય છે, જેને ખસેડી શકતા નથી. તેને સ્થિર ફલક કહે છે. દિવાલ પર કાળા રંગની મદદથી આ ફલક તૈયાર કરવામાં આવે છે. આ ફલક દિવાલ પર તૈયાર થતું હોવાથી તેને ભીંત ફલક તરીકે પણ ઓળખવામાં આવે છે. ક્યારેક કાચ, લાકડા કે પતરાના ફલકને દિવાલ પર જડી સ્થિર કરવામાં આવે છે. અત્યાર સુધી આ પ્રકારના ફલકનો ઉપયોગ વધારે પ્રમાણમાં થયો છે. સ્માર્ટ બોર્ડને પણ દિવાલ પર જડવામાં આવે છે.

કેટલીક શાળાના પ્રાંગણ, પરસાળ કે વર્ગમાં આ પ્રકારના ફલક જોવા મળે છે. કેટલાંક મંદિરોમાં સુવિચાર, સૂચનો, ધાર્મિક કે પંચાગની માહિતી ભીંત ફલક પર આપવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા સૂચના કે માહિતીનો પ્રસાર કરવા જાહેર સ્થળે આ પ્રકારના ફલક તૈયાર કરે છે. જ્ઞાતિ કે સમાજના લોકોની સૂચના કે પ્રસંગની જાણ માટે અ પ્રકારના ફલકનો ઉપયોગ થાય છે. સોસાયટી અને એપાર્ટમેન્ટના રહીશો પણ આ પ્રકારના ફલકનો ઉપયોગ કરતાં જોવા મળે છે.

2. ફરતું ફલક(પાટિયું) Movable Board

કેટલાંક ફલક એક સ્થળેથી અન્ય સ્થળે લઈ જઈ શકાય તેવા હોય છે. આવા ફલક વજનમાં હલકાં હોય છે. આ ફલક કાળા, લીલા કે સફેદ રંગના જોવા મળે છે.








આમાંના કેટલાંક ફલક ખસેડવા બે કે તેથી વધારે માણસની જરૂર પડે છે તો કેટલાંક ફલકને વીંટાળી શકાય છે, જે વીંટાળફલક તરીકે ઓળખાય છે. આવા ફરતાં ફલકનો ઉપયોગ ભોજનલાય, સમાજની વાડી, હૉલ વગેરે સ્થળો પર થતો જોવા મળે છે. જ્યારે વીંટાળફલકનો ઉપયોગ મોટાભાગે પીટીસી અને બી.એડ.ના પ્રશિક્ષણાર્થી મિત્રો અધ્યાપન કાર્ય માટે કરતાં હોય છે.

**ફલક કાર્ય કૌશલ્યનાં ઘટકો**

મુખ્યત્વે  ફલક કાર્ય કૌશલ્યનાં ઘટકોમાં ચાર પાસાં વિચારી શકાય.

1. હસ્તાક્ષરોની સુવાચ્યતા
2. કા.પા. કાર્યની સુઘડતા
3. કા.પા. કાર્યની યથાર્થતા
4. આનુષંગિક બાબતો

આ ચારેય ઘટકોને વિગતે સમજીશું.

**1. હસ્તાક્ષરોની સુવાચ્યતા:-**

ગાંધીજીએ કહ્યું છે કે, 'નઠારા અક્ષર એ અધૂરા કેળવણીની નિશાની છે.' શિક્ષકના અક્ષર સુંદર, મરોડદાર, આકર્ષક અને સુવાચ્ય હોવા આવશ્યક છે. ફલક કાર્ય પર શિક્ષકના લખાણમાં વર્ણના મરોડની સુંદરતા વિદ્યાર્થીને તેવા વર્ણ અર્થાત મરોડદાર વર્ણ લખવા પ્રેરે છે. શિક્ષકના ફલક પરનું લખાણ વિદ્યાર્થીઓ માટે આદર્શ છે. આજેય વિદ્યાર્થીના વર્ણોના મરોડમાં તેમના શિક્ષકના ફલક પરના લખાણની છાપ જોવા મળશે. ફલક પરનું લખાણ વિદ્યાર્થીના માનસપટ પર છાપ મૂકી જાય છે.

સુવાચ્ય લખાણ માટે પ્રત્યેક વર્ણ કે અક્ષર સ્પષ્ટ હોવો જરૂરી છે. એટલે કે વર્ણ ભેદક હોવો જોઈએ. લખવામાં સામ્યતા ધરાવતાં

વર્ણોમાં સ્પષ્ટ મરોડ ન હોય તો અર્થનો અનર્થ થઈ જવાની અથવા શબ્દ કે વાક્ય નિરર્થક બનવાની શક્યતા રહેલી છે. ઘણીવાર વધારે મરોડદાર કે આકર્ષક વર્ણો લખવામાં, લખવાની ઝડપ કે અન્ય કારણોસર શિક્ષક દ્વારા ફલક લખાણમાં નજીવી ભૂલ થાય છે પણ આ ભૂલ વિદ્યાર્થીઓ માટે મોટી બને છે.

શિક્ષકના ફલક લખાણને વર્ગના સમગ્ર વિદ્યાર્થીઓ નિહાળે છે, માનસપટ પર અંકિત કરે છે. પરિણામે આ ભૂલનું વિદ્યાર્થીઓ દ્વારા પુનરાવર્તન થાય છે. એમાંય જોડણીદોષ તો ખાસ. જો શિક્ષકથી ખોટી જોડણી લખાય તો વિદ્યાર્થીઓ ખોટી જોડણી શીખે છે.

શિક્ષકના ફલક લખાણમાં વર્ણ, અક્ષર-જોડાક્ષર, શબ્દનું સીધું અને સ્પષ્ટ લેખન થયું હોવું જોઈએ. વર્ણ, અક્ષર-જોડાક્ષર, શબ્દ વચ્ચે યોગ્ય અંતર જળવાય એ રીતે લખવું જોઈએ. વર્ણ, અક્ષર-જોડાક્ષર, શબ્દનું કદ સપ્રમાણ હોય તો વાંચવામાં સરળતા રહે છે. વર્ણ, અક્ષર-જોડાક્ષર, શબ્દ બિનજરૂરી ઘૂંટવા ન જોઈએ. ફલક પરનું લખાણ સીધી લીટીમાં હોવું જોઈએ. આ બાબતો લક્ષમાં રાખીશું તો વિદ્યાર્થીઓને ફલક વાંચનમાં મુશ્કેલી પડશે નહી.

**2. કા.પા.કાર્યની સુઘડતા**

ફલક કાર્ય ભૂંસવા/સ્વચ્છ કરવા ડસ્ટરનો જ ઉપયોગ કરવો જોઈએ. અસ્વચ્છ ડસ્ટરના ઉપયોગથી ચોકનો ભુક્કો ફલક પર ચોંટે છે સાથોસાથ શિક્ષકના શ્વસનમાં પણ જાય છે તેથી ડસ્ટર સ્વચ્છ કરી ફલક સાફ કરવું હિતાવહ છે.

ફલક પર લખતી વખતે સપ્રમાણ ગતિએ લખવું જોઈએ જેથી એક વર્ણ કે શબ્દ પર અન્ય શબ્દનું અતિક્રમણ ન થઈ જાય. અગત્યના, જરૂરી કે પેટા મુદ્દાઓને ઘૂંટવાને બદલે આ શબ્દો અધોરેખિત કરી શકાય. આ માટે અન્ય રંગના ચોકનો ઉપયોગ થઈ શકે જેથી

અગત્યના, જરૂરી કે પેટા મુદ્દાઓને ઉપસાવી શકાય. અગત્યના, જરૂરી કે પેટા મુદ્દાઓને મોટા કદમાં લખી શકાય. બે લીટી વચ્ચે યોગ્ય અંતર જાળવવું આવશ્યક છે.

અધ્યાપન કાર્ય કરતી વખતે ફલક કાર્ય કરવાનું કોઈ ચોક્કસ સ્વરૂપ નથી. વિષય વૈવિધ્ય, વિષયાંગની કઠિનતા, વર્ગની સમજક્ષમતા વગેરે પાસાંઓને ધ્યાનમાં રાખી ફલક કાર્ય કરી શકાય. વિષયાંગને સ્પષ્ટ ચર્ચા કરવા સંબંધી અગત્યના મુદ્દા ફલક પર નોંધવા જોઈએ. બિનજરૂરી મુદ્દા લખવાનું ટાળવું જોઈએ. વર્ણો કે અક્ષરો ઘૂંટવાનું ટાળવું જોઈએ તેમજ વિવિધ પ્રકારની આકૃતિઓ કરવાનું ટાળી શકાય ને?

**3. કા.પા. કાર્યની યથાર્થતા**

વિષયાંગના મુદ્દા ટૂંકા અને સ્પષ્ટ હોવા જોઈએ. મુદ્દા લેખનમાં તાર્કિકતા હોવી જોઈએ. અહીં બિનજરૂરી લખાણને અવકાશ નથી. બિનજરૂરી અને નિરર્થક શબ્દોનો ઉપયોગ થવો જોઈએ નહીં. ફલકની જગ્યાને લક્ષમાં રાખવી આવશ્યક છે. મુદ્દાની ભાષા ક્લિષ્ટ કે દુર્બોધ નહિ પણ સરળ હોવી જોઈએ. અધ્યાપન કાર્ય કરતી વખતે મુદ્દા ક્રમશ: અને સ્પષ્ટ લખવા જરૂરી છે.મુદ્દો સ્પષ્ટ કરવા શબ્દ, શબ્દો, વાક્ય, સૂત્ર કે સિદ્ધાંતને અલગ રંગના ચોકથી કે અધોરેખિત ઉપસાવી શકાય., તેને ઘૂંટવા નહી. ભાષા અને વ્યાકરણની દ્રષ્ટિએ ફલક લેખનમાં શુદ્ધિ આવશ્યક છે. કારણ કે ફલક લેખન દોષયુક્ત હોય તો વિદ્યાર્થી ખોટું શીખે છે. પછી વિદ્યાર્થી પક્ષે દોષપરંપરા સર્જાય છે.

કેટલાંક વિષયોમાં આકૃતિ, કોઠો, ઉદાહરણો, સિદ્ધાંત, નિયમ દ્વારા વિષયવસ્તુ ક્રમિક વિકસે છે, આ ફલકના વિસ્તારને ધ્યાનમાં રાખી દોરવું કે લખવું જોઈએ. આકૃતિ સપ્રમાણ યોગ્ય કદની દોરાય તે જરૂરી છે. નામ નિર્દેશ કરવાનું થાય તો કાળજી રાખીને કરવું જોઈએ. કોઠામાં

હાર અને સ્તંભ વ્યવસ્થિત દોરાય તેની કાળજી રાખવી જોઈએ. આડી અને ઊભી લીટી સીધી દોરવી જોઈએ. આકૃતિ કે કોઠા દોરવા વિવિધ સાધનોનો ઉપયોગ થઇ શકે. ફૂટપટ્ટી, કોણમાપક, પરિકર જેવાં સાધનોની મદદ ફલક કાર્ય માટે લઇ શકાય.

4. **આનુષંગિક બાબતો**

વર્ગખંડમાં પ્રવેશ કરો ત્યારે કેટલીકવાર ફલક લેખનકાર્યથી ભરેલું હોય તો ફલક સ્વચ્છ કરવા હાથનો નહિ પણ સ્વચ્છ ડસ્ટરનો ઉપયોગ કરવો જોઈએ. ફલક લેખનમાં ભૂલ થાય તો આંગળી, હથેળી કે હાથનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ફલક લેખન સાફ કરતી વખતે આડું અવળી નહિ પણ ઉપરથી નીચેની તરફ સાફ કરવું જોઈએ. જેથી ચોકનો ભુક્કો ફલકની નીચે તરફ જાય, શ્વસન વાટે શિક્ષકના ફેફસામાં ન જાય..

શિક્ષકે પોતાની ઉચાઈને ધ્યાનમાં રાખી ઉર્ધ્વસીમા નક્કી કરી ફલક લેખન શરુ કરવું. પગની એડી પર ઊંચા થઈ ફલક કાર્ય ન કરવું, આમ કરવાથી વર્ણો કદ અસામાન કે સીધી લીટીમાં લખાણ ન થવાની શક્યતા રહેલી છે. સાથોસાથ પોતાના વિષયવસ્તુને અનુરૂપ કયા અને કેટલાં મુદ્દા ફલક પર સમાશે તેનો અંદાજ આવે છે. પોતાના ફલક લેખનનો વિસ્તાર સ્પષ્ટ થાય.

ફલક  કાર્ય દરમિયાન અક્ષરોનું કદ તથા સીધી લીટીમાં લખાય છે કે નહિ તે લેખન કરતી વખતે અને લેખન પછી તપાસતાં રહેવું જોઈએ. જેથી પછીના ફલક કાર્યમાં અક્ષરોનું કદ સપ્રમાણ જાળવી શકાય. સીધી લીટીમાં લખાય. વિષયાંગના જરૂરી મુદ્દા રંગીન ચોકથી અથવા અધોરેખિત કરી ઉપસાવવા. ચોક પર પ્રમાણસર દબાણ આપીને ફલક કાર્ય કરવું. જેથી કરતાં ચોકનો અવાજ ન થાય.

45°ના ખૂણે ઊભા રહી ફલક કાર્ય કરવું. ફલક સામે જોતાં જોતાં કે વિદ્યાર્થીઓને શિક્ષકની પૂર્ણ પીઠ દેખાય તે રીતે ફલક કાર્ય ન કરવું. જેથી વિદ્યાર્થીઓ સાથે આંખનો સંપર્ક તૂટે નહીં. ફલક કાર્યમાં ઉર્ધ્વ સીમાની જેમ અધોસીમા શિક્ષકે નક્કી કરવી જોઈએ. છેલ્લી પાટલી પર બેઠેલા વિદ્યાર્થીઓને લેખન દેખાય ત્યાં સુધી જ ફલક લેખન કરવું. ફલક કાર્ય આત્મવિશ્વાસ સાથે આયોજન(પાઠ આયોજન) મુજબ કરવું. વિષયાંગ કે વિષયવસ્તુમાં જરૂરી ભાગ પાડવા. જેમાં કે, ભાષામાં અઘરા શબ્દો, સમાનાર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, સામાસિક શબ્દો, શબ્દસમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત ઈત્યાદિ વિભાગ પાડી શકાય. વર્ગખંડની લંબાઈને લક્ષમાં રાખી અક્ષરોનું કદ નક્કી કરવું. જેથી છેલ્લી પાટલી પર બેઠેલા વિદ્યાર્થીઓને ફલક પર કરેલી નોંધથી વંચિત ન રહી જાય.

ફલક અને વિદ્યાર્થીઓ વચ્ચે હેતુ વગર આવવાનું ટાળવું, જેથી વિદ્યાર્થીઓ કા.પા. કાર્ય વાંચી લખી શકે. ફલકની બાજુ પર જઈ કથન, પ્રશ્નોત્તરી વગેરે વર્ગ વ્યવહાર કરવો; ફલક કાર્ય કરતી વખતે જરૂર પૂરતું બોલવું. ફલક કાર્યમાં જોડણીદોષ કે ક્ષતિયુક્ત જ્ઞાન/માહિતી ન લખાય તેની કાળજી રાખવી. ઘણીવાર ફલક પર પ્રકાશ પડતો હોય કે ન પડતો હોય ત્યારે વિદ્યાર્થીઓને ફલક વાંચનમાં તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરી શકાય. વર્ગ શરૂ થતાં પહેલાં આપણે ફલક સ્વચ્છ કર્યું હતું પણ તાસ/પાઠ પૂર્ણ થયા પછી ફલક સ્વચ્છ કરી વર્ગમાંથી બહાર નીકળવું.

**<u>ફલક કાર્યનું મહત્ત્વ</u>**

શિક્ષક વર્ગખંડમાં પ્રવેશી ફલક સાફ ન હોય તો સાફ કરે અને ફલક પર લખે એટલે વર્ગમાં થતો અવાજ ધીરે ધીરે શમે છે અને વર્ગના સમગ્ર વિદ્યાર્થીઓનું ધ્યાન ફલક તરફ જાય છે. અર્થાત્ ફલક કાર્ય પર વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્દ્રિત થાય છે. વિદ્યાર્થીઓનું લક્ષ ફલક પર હોય છે. ફલક પરના વિષય અને વિષયાંગની નોંધ લે છે.

વર્ગમાં અનેક ભાષી, અનેક જ્ઞાતિ અને અનેક પ્રદેશના વિદ્યાર્થીઓ હોય ત્યારે ફલક કાર્ય અગત્યનું અને અવશ્યક બને છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વિવિધતાને અનુલક્ષીને ફલક કાર્ય વિષયવસ્તુની સ્પષ્ટતા માટે, વિદ્યાર્થીઓ સુધી વિષયાંગ પહોંચાડવા શિક્ષકને માટે સહાયક બને છે. વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાને ધ્યાનમાં લેતાં ફલક શિક્ષણ માટે અસરકારક સાબિત થાય છે. આમ, વર્ગના પ્રત્યેક વિદ્યાર્થીને ન્યાય આપવા ફલક રામબાણ સાધન છે.

વિષયવસ્તુની તાર્કિક, ક્રમબદ્ધ અને ઊંડાણપૂર્વકની લેખિત સમાજ આપવા ઉપયોગી છે. મુદ્દાઓના સ્પષ્ટીકરણ અથવા વિષયવસ્તુની સમજ આપવા ફલક ઉપકારક છે. વણવી ફલકના માધ્યમ થકી વિષયાંગ સરળ બનાવી શકાય છે. જરૂરી, અઘરા, ક્લિષ્ટ કે દુર્બોધ વિષયવસ્તુના અધ્યાપન કાર્ય માટે ફલક અકસીર છે. ફલક દ્વારા જ્ઞાન કે માહિતીનું આદાનપ્રદાન થાય છે. કોઈ બે મુદ્દાની તુલના અથવા વર્ગીકરણ કરવા ફલક ઉપયોગી છે. આ માટે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછી ફલક કાર્ય કરવા બોલાવી શકાય.

વર્ગખંડમાં વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછતાં પૂછતાં ફલક કાર્ય વિકસતું હોય છે. ખાસ કરીને ગણિત કે નામનાં મૂળ તત્ત્વો જેવાં વિષયોમાં આવું થતું જોવા મળે છે. વિદ્યાર્થીને ફલક કાર્ય માટે બોલાવી તેનામાં આત્મવિશ્વાસ વિકસે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. સાથોસાથ વિદ્યાર્થીઓની સ્ક્રીયાતામાં વધારો થાય છે, તેમનો ઉત્સાહ વધે છે.

શિક્ષક આકૃતિ, આલેખ, કોઠા, સારણી વગેરે દોરી વિદ્યાર્થીઓ સુધી માહિતી પહોંચાડી વિષયાંગનું સ્પષ્ટીકરણ કરે છે. ક્યારેક શિક્ષક ચિત્ર કે નકશો દોરે છે. વિષય મુજબ શિક્ષક ફલક કાર્ય કરે છે. શિક્ષક રંગીન ચોકનો ઉપયોગ હેતુપૂર્વક કરે છે. અગત્યના મુદ્દા, સૂત્ર, નિયમ, સિદ્ધાંત, ચાવીરૂપ શબ્દ વગેરે પર તરત જ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવા માટે શિક્ષક

રંગીન ચોકનો ઉપયોગ કરે છે અથવા અધોરેખિત કરે છે કે વર્તુળ કે અન્ય ભૌમિતિક આકૃતિ દોરે છે.

સમગ્ર તાસ દરમિયાન થયેલ શિક્ષણ કાર્યનો લેખિત દસ્તાવેજ એટલે ફલક લેખન. જોયેલું યાદ રાખવામાં સરળ પડે છે, તેથી ફલક કાર્યની માહિતી વિદ્યાર્થીઓના માનસપટ પર લાંબા સમય સુધી રહે છે. શાળા પરિસરના ફલક વાંચવા ટેવાયેલા વિદ્યાર્થીઓ શાળા છોડ્યા પછી ઝૂરાપો અનુભવે છે. કારણ કે કર્મયોગી શિક્ષકો દ્વારા ફલક પર ચોક્કસ વિષયનું લેખન અખબારમાં આવતા કટારલેખન જેવું હોય છે. ફલક લેખન જોતાં શિક્ષકની વિદ્વતા અને વિષય ખેડાણ – ઊંડાણ અનુભવી શકાય છે. ફલક લેખનમાં શિક્ષકની પ્રતિભા અને તપશ્ચર્યા પ્રગટે છે.

શિક્ષણરૂપી ભાથું વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા શિક્ષક માટે ફલક સાથીદાર છે, વિદ્યાર્થીઓને અધ્યયનમાં સહાયક બને છે. શિક્ષકના અધ્યાપન કાર્યનો અરીસો છે. ફલક વિના અધ્યાપન અશક્ય છે, ફલક શિક્ષક વિદ્યાર્થીઓ વચ્ચેનો સેતુ છે, ફલક વર્ગખંડનું આભૂષણ છે. આમ, ફલક શિક્ષક માટે અધ્યાપન અને વિદ્યાર્થીઓ માટે સફળ અને સુફળ અધ્યયન કરવા આવશ્યક નહિ બલકે અનિવાર્ય છે.

# કા.પા. કાર્ય કૌશલ્ય
# પાઠ આયોજન

# Lesson plan of Skill of Black Board Work

**શ્રી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા**

માઈક્રોટીચીંગ પાઠ આયોજન

બી.એડ્. વર્ગ

**તારીખઃ–**

**પ્રશિક્ષણાર્થીનું નામ** :– ડો. જ્ઞાનેશ બકુલચંદ્ર ગોડબોલે

**અધ્યાપન કૌશલ્યઃ**– શ્યામફલક કૌશલ્ય

**આ પાઠ સહિત આપેલા પાઠોની પદ્ધતિ અનુસાર સંખ્યા**

(01) ગુજરાતી (01) (02)............( )

**વિષયઃ**– ગુજરાતી **શ્રેણીઃ**– 10 **એકમઃ**– શરણાઈના સૂર

**સામાન્ય હેતુઓઃ–**

1. પ્રશિક્ષણાર્થીનું શ્યામફલક કૌશલ્ય વિકસે.

2. પ્રશિક્ષણાર્થી ગુજરાતીના વિષયવસ્તુ અને તેની અધ્યાપન પ્રક્રિયાથી માહિતગાર થાય.

| **સોપાન** | **સમય** | **વિદ્યાર્થી સહપ્રશિક્ષણાર્થી રોલ નંબર** | **નિરીક્ષક સહપ્રશિક્ષણાર્થી રોલ નંબર** |
|---|---|---|---|
| **શિક્ષણ** | 06 મિનિટ | | |
| **પ્રતિપોષણ** | 06 મિનિટ | | |
| **પુન:આયોજન** | 12 મિનિટ | | |
| **પુન: શિક્ષણ** | 06 મિનિટ | | |
| **પુન: પ્રતિપોષણ** | 06 મિનિટ | | |

**માર્ગદર્શકઃ–**...........................................................................

| કૌશલ્યનાં ઘટકો | શિક્ષણ આયોજન | પ્રતિ પોષણ |
|---|---|---|
| **1. હસ્તાક્ષરોની સુવાચ્યાતા**<br>• પ્રત્યેક અક્ષર ભેદક<br>• બે અક્ષર વચ્ચે યોગ્ય અંતર<br>• અક્ષરોનું યોગ્ય કદ<br>• લીટીની સરખી જાડાઈ<br>**2. શ્યામફલક કાર્યની સુઘડતા**<br>• સીધી લીટીમાં લખાણ<br>• લીટીઓ વચ્ચે પૂરતું અંતર<br>• વર્ણ કે અક્ષર પર અક્ષર ન લખાવા<br>• ચર્ચા સંબંધી જરૂરી વિગતોનું લખાણ<br>**3. શ્યામફલક કાર્યની યોગ્યતા**<br>• લખેલા મુદ્દામાં સાતત્ય<br>• મુદાઓ ટૂંકા અને સરળ<br>• અગત્યના મુદ્દાઓ અધોરેખિત<br>• રંગીન ચોકનો ઉપયોગ<br>• આકૃતિ સાદી, સ્પષ્ટ અને યોગ્ય કદની<br>• આકૃતિ વિષયક સ્પષ્ટતા<br>**4. પ્રકીર્ણ**<br>• બિનક્ષતિયુક્ત માહિતી/લેખન<br>• કા.પા.નું વ્યવસ્થાપન<br>• યોગ્ય રીતે ઊભા રહી કા.પા. કાર્ય/ વર્ગવ્યવહાર<br>• ડસ્ટરનો યોગ્ય ઉપયોગ | ધોરણઃ–10<br>તારીખઃ–<br>**વિષયઃ– ગુજરાતી**<br>**વિષયાંગઃ– શરણાઈના સૂર**<br>પ્રશ્નો<br>1. રમઝુ મીરે કયા વાદ્યનો સૂર છેડ્યો ?<br>2. કોની જાન ઉઘલી ગઈ ?<br>3. ગાડું શી રીતે શેરી સોંસરવું નીકળ્યું?<br>4. નિયમ મુજબ મેઘો ઢોલી કયા સ્થળે દાદ લેવા ઊભો હતો ?<br>5. શ્રોતાઓ માટે શું નક્કી કરવું મુશ્કેલ હતું ?<br>6. નાકા પરથી જાન ક્યારે આગળ વધી ?<br>**નોંધ** : કથન સામેલ છે. | |

| પુનઃ આયોજન અને પુનઃ શિક્ષણ | પુનઃ પ્રતિપોષણ | વિશેષ નોંધ |
|---|---|---|
| | | |


ધોરણ:- 10
તારીખ:-
વિષય:- ગુજરાતી
વિષયાંગ:- શરણાઈના સૂર
કર્તા:-ચુનીલાલ મડિયા
કૃતિ પ્રકાર:- નવલિકા(ટૂંકી વાર્તા)
વિષયવસ્તુના મુદ્દા
➢ -રમઝુ મીરે શરણાઈનો સૂર છેડવો
➢ ગવરીની જાન ઉઘલવી
➢ ગાડું કોઈના ઘરની પછીત કોઈ કોઈના કરા સાથે ધકો અફડાવતું શેરી સોસરવું નીકળવું
➢ નિયમ મુજબ મેઘા ઢોલીનું નાકા પર દાદ લેવા ઊભા રહેવું
➢ ગીતો કે શરણાઈના સૂર પૈકી વેધક સૂર નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ
➢ રમઝુના હાથમાં પાવલી પડતા જાનનું આગળ ચાલવું
વ્યાકરણના મુદ્દા
સમાનાર્થી શબ્દો
-સૂર – અવાજ, સ્વર
વિરુદ્ધાર્થી શબ્દો
-શ્રોતા - વક્તા
અપરિચિત શબ્દો
-ટોડલો : બારણાંના ચોકઠાના મથાળાના ભાર પડતા બે છેડામાંનો એક
-માફાળું ગાડું : પડદાવાળું, છાયાવાળું ગાડું(વેલડું)
-શુકન : ભાવિસૂચક ચિહ્ન
-વેધક : વીંધી નાખે તેવું, તીક્ષ્ણ
-દાદ : હક, લાગો
-કામઢા : ઉદ્યમી
-મોખરે : સૌથી આગળપડતું કે ઉચ્ચસ્થાન
Dr. G B Godbole, Assistant Professor, Shree Sarvajanik College of Education, Godhra

**નિરીક્ષકની નોંધ**

## કથન

માંડવો વધાવાઈ ગયો. ગોતરીજ પાસે પગેલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાંએ કંકુના થાપા પાડી લીધાં. જાનને શીખ દેવાઈ ગઈ. ધમા''દાના લાગંલેદરી ચૂકવાઈ ગયા. વેવાઈઓએ એકબીજાને વહાલપૂવ''ક ભેટી લીધાં. રામણદીવડો પેટવાઈ ગયો. વરકન્યા માફાળા ગાડામાં ગોઠવાઈ ગયાં. સામેથી આવતી પણિયારીનાં શુભ શુકન સાંપડી ગયાં.....

......અને ગાડાનું પૈડું સિંચાઈ ગયું. ..અને રમઝુ મીરે શરણાઈનો સૂર છેડયો. ચોલીએ ઢોલ પર દાંડી પાડી. સુહાગણોએ ગીત ઉપાડયું અને ગવરીની જાન ઉઘલી ગઈ.

ગામડા ગામની એ સાવ સાંકડી શેરીમાં કોઈના ઘરની પછીતના કોઈ કરા સાથે ધરો ધફડાવતું ગાડું માંડ માંડ કરીને શેરી સોંસરવું નીકળ્યું ત્યાં તો મીરની શરણાઈ સાંભળીને આજુબાજુના બૈરાંઓ વરરાજાને જોવા એકઠાં થઈ ગયાં હતાં. લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહેતાં હતાં: " આ ભૂધર મેરાઈનો જમાઈ–"

"ગવરીનો વર....હાથમાં તરવાર લઈને કેવો બેઠો છે !"

નાકા ઉપર નિયમ મુજબ મેઘો ચોલી દાદ લેવા આડો ફરીને ઊભો રહ્યો. રમઝુએ પણ શ્વાસ ઘૂંટીને શરણાઈ દબાવી.

કન્યા પક્ષની સ્ત્રીઓએ ગીત ઉપાડયું:

આ દશ દશ પીપળો....
આ દશ દાદાનાં ખેતર....

વરપક્ષની જાનરાણીઓએ સામું ગીત માંડયું:

ખોલો ગવરીબાઈ ઘૂંઘટો....
જુઓ સાસરિયાનાં રૂપ....
એક રાણો ને બીજો રાજિયો....
ત્રીજો દલ્લીનો દીવાન....

ગીતોના સૂર વેધક હતા કે શરણાઈના એ નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ બની રહ્યું. મીરે શરણાઈની એવી તો રમઝટ જમાવી હતી કે વરના બાપ પણ એના રસાસ્વાદમાં દાદ આપવાનું વિસરી ગયા. પરિણામે ગીતો અને ઢોલ–શરણાઈનો સારી વાર સુધી તાસીરો જ બોલી રહ્યો.

આખરે જ્યારે વરના બાપનો હાથ કોથળીમાં ગયો ને રમઝુના હાથમાં પાવલી પડી ત્યારે જ એણે પીઠ ફેરવી ને જાન આગળ વધી.

રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. કામઢા વેપારી હજાર કામ પડતાં મેલીને ઊઘલતી જાનને અવલોકવા દુકાનોના ઉંબરે આવી ઊભા. આખું સરઘસ જાજ્વલ્યમાન રંગો વડે સોહાતું હતું.

## સંદર્ભ સૂચિ


1. પટેલ પૂનમભાઈ(સં.)(2005). માઈક્રોટીચિંગ : અધ્યાપન કૌશલ્ય. અમદાવાદ : અનડા બુક ડીપો.
2. પટેલ મોતીભાઈ અને અન્ય(2007). સૂક્ષ્મ અધ્યાપન અને સંક્ષિપ્ત અધ્યાપન. અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન.
3. પંડ્યા રમેશ(કન્વીનર) અને અન્ય.(2020) ગુજરાતી(દ્વિતીય ભાષા) ધોરણ-10 ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.
4. રાવલ નટુભાઈ અને અન્ય(2005). માઈક્રો ટીચિંગ. અમદાવાદ : નીરવ પ્રકાશન.
5. શાસ્ત્રી કે. કા. (સં.).(2009) વિદ્યાર્થી શબ્દકોશ. અમદાવાદ: આદર્શ પ્રકાશન.